**C.C.NO.88820-2023**

મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૫, અમદાવાદ.

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી : ઈન્દુબેન પ્રહલાદભાઈ

ગુન્હો : ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫એએ મુજબ

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી પાસેથી ૩ લીટર દારૂ મળી આવેલ છે. પોલીસ દવારા તેની સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૫એએ અન્વયે ગુનો દાખલ કરી ચાર્જશીટ રજુ કરવામા આવેલ, તે અન્વયે કોર્ટે આરોપીને સમન્સ કરેલ અને આરોપી હાજર થતા પોલીસ પેપર્સની નકલો આપવામા આવેલી.

(૨) આરોપીને તે ગુના અંગેનુ તહોમત ફરમાવી પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનુ જાહેર કરેલ તથા કબુલાત પુરસીસ અલગથી રજુ કરેલ છે. જેમા જાહેર કરેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ સામાન્ય અને ગરીબ વર્ગના ઈસમ છે, તેઓનો કોઈ સ્થિર ધંધો નથી અને છુટ્રક મજુરી કામ કરે છે અને મજુરી પણ રોજ મળતી નથી, જેથી તેઓ પોતાનું તેમજ પોતાના કુટુંબનું ગુજરાન કરી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી અને આર્થિક પરીસ્થિતિ ખરાબ હોવાને કારણે હાલનો ગુનો થઈ ગયેલ છે, તેઓએ ભુતકાળમાં આવો કયારેય ગુનો કરેલ નથી તેમજ તેની સામે અન્ય કોઈ આક્ષેપ પણ નથી, ચાર્જશીટના કોલમ નં. ૫ મા જણાવ્યા મુજબ વગર પાસ પરમીટે આરોપી પાસેથી ઉપર મુજબનો દારૂનો જથ્થો મળી આવેલાનો આક્ષેપ છે, તેઓની આર્થિક પરીસ્થિતિ સારી નહિં હોઈ ઉપરાંત રોજગારી પણ નહિં હોઈ ટ્રાયલ ચાલતા દરમ્યાન તેઓએ અવાર નવાર આવવાની જરુર પડે, ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરુરીયાત રહે, તેઓને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરાવાઈ જાય, જે તમામ હકીકતો ધ્યાનમાં લઈ તેઓનો પ્રથમ ગુનો હોઈ તેઓ પોતાની ભુલ સુધારવા માગતા હોઈ તેમજ કોર્ટની કાર્યવાહીનો સમય અને નાણાંનો વ્યય થતો અટકાવવાના ઉદ્દેશથી વિનમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારેલ છે.

(૩) આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૪) તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષ્યમાં લેતા વગર પાસ પરમીટેઉપર મુજબનો દારૂનો જથ્થો આરોપી પાસેથી મળી આવ્યાનો આક્ષેપ છે. આરોપી સામે અગાઉ આવો કોઈ ગુનો નોધાયેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આરોપીની અગાઉ કોઈ ગુનામા સજા થયેલ હોય તેવુ પણ ચાર્જશીટમા જણાવેલ નથી. આરોપી ગુનાહીત ઈતીહાસ ધરાવતા હોય તેવુ જાહેર થયેલ નથી. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામના ફરીયાદી, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી, અને સરકારી અધિકારી ત. ક. અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ પર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાન સમયમાં કોર્ટમાં પેન્ડિંગ કેસોની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષ્યમાં લેતા ટુંક સમયમાં હાલના ગુનાની ટ્રાયલ

ચલાવીને કેસ ફેંસલ થવાની સંભાવના નહિંવત છે. આરોપીનો સમય, ફરીયાદપક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય ને ટ્રાયલને અંતે આરોપી કસૂરવાન ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક હુકમ કરવામા આવે, તેના બદલે જો આરોપી  હાલનો ગુનો કબુલે છે ત્યારે તેઓની ગુના કબુલાત સંદર્ભે રજુ કરેલ હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં સદઉપયોગ કરી શકાય તેમ હોઈ તેમજ આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતા હોય ત્યારે રેકર્ડ પર આવેલ તમામ હકીકતો અને તમામ પરીસ્થિતિને ધ્યાનમાં લઈ તેમજ આ કામે લઘુતમ સજા નકકી થયેલ નથી. ત્યારે  ગુજરાત રાજય વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોઈ, ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>– : હુ ક મ : –</u>**

આ કામના આરોપી  ને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૪૧ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૫એએ મુજબના ગુના બદલ દરેક આરોપીને કોર્ટ ઉઠતાં સુધીની સજા તથા આરોપીને ૨૦૦/– (અંકે રુપિયા બસો પુરા)નો દંડ ભરવાનો હુકમ કરવામા આવે છે. વધુમાં જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ (પાંચ) ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

મુદ્દામાલનો અપીલ સમયબાદ નાશ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૨૩

એડી.ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ
કોર્ટ નં.૧૫, અમદાવાદ
કોડ નં.જીજે૦૦૮૮૫